ॐ

न हि ज्ञानेन सदृशम् पवित्रमिह विद्यते ।

શ્રીમદ્‌ભગવદ્‌ગીતા

જ્ઞાન સૌથી પવિત્ર વસ્તુ છે

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ સંચાલિત

શ્રી પાટીદાર વિદ્યાર્થી ભવન

નખત્રાણા – કચ્છ

પ્રથમ વાર્ષિક અહેવાલ

સંવત ૨૦૧૬-૧૭ ઇસ્વી સન ૧૯૬૦-૬૧

: પ્રકાશકો :

ખીમજી નાગજી મંત્રી

પ્રેમજી પુંજાભાઇ સહમંત્રી

લધાભાઇ હરજી સહમંત્રી

For Reference See Pages: 9, 12.
For page numbers, see the page footer. Page numbers are in 'Page x of y' format

ॐ

न हि ज्ञानेन सदृशम् पवित्रमिह विद्यते ।

શ્રીમદ્‌ભગવદ્‌ગીતા

જ્ઞાન સૌથી પવિત્ર વસ્તુ છે

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ સંચાલિત

શ્રી પાટીદાર વિદ્યાર્થી ભવન

નખત્રાણા – કચ્છ

પ્રથમ વાર્ષિક અહેવાલ

સંવત ૨૦૧૬-૧૭ ઇસ્વી સન ૧૯૬૦-૬૧

: પ્રકાશકો :

ખીમજી નાગજી મંત્રી
પ્રેમજી પુંજાભાઇ સહમંત્રી
લધાભાઇ હરજી સહમંત્રી

વિદ્યાર્થી ભવન માટેની સમિતિ

૧ શ્રી હીરજી કેસરા–(કોટડા)
૨ શ્રી શિવદાસ મનજી–(ટોડીઆ)
૩ શ્રી કરસન શિવદાસ–(વીરાણી)
૪ શ્રી લધાભાઇ વિશ્રામ (વીરાણી)
૫ શ્રી વિશ્રામ કાનજી–(દેશળપુર ગુંતળી)
૬ શ્રી નાનજી દેવજી દીવાણી–(કોટડા)
૭ શ્રી શિવગણુ નાનજી–(નખત્રાણા)
૮ શ્રી ભાણુજી પચાણુ–(નખત્રાણા)
૯ શ્રી પેથાભાઇ મેઘજી–(માંડવી)

વિજ્ઞપ્તિ

આ અહેવાલ આપને મળ્યેથી તેની પહોંચ લખશોજી. આપ તે ફુરસદે વાંચશોજી અને બીજાંઓને પણ તે વંચાવશોજી. તથા તે સંબંધિ આપનો અભિપ્રાય કે કાંઇ સૂચના કરવા જેવું હોય તો તે અમને જરૂર લખી જણાવવા કૃપા કરશોજી કે જેથી તે બાબતમાં પ્રસંગે ઘટતું કરી શકાય.

સર્વ જ્ઞાતિજનોને વિનંતિ કે–કેળવણીની આ સંસ્થા–વિદ્યાધામ આપણી જ્ઞાતિમાં આખા કચ્છમાં એક અને અજોડ છે. તે સંસ્થાને સદ્ધર બનાવવા આપનાથી બને તેટલી અને બને તે પ્રકારની મદદ આપી જ્ઞાતિની ભાવિ પ્રજાનાં ઘડતરમાં આપનો ફાળો જરૂર આપવા કૃપા કરશોજી.



પાટીદાર ભવનનું પ્રવેશદ્વાર



પ્રાર્થના સમયે

ॐ

न हि सशद्दम्, पवित्रमिह विद्यते ।

શ્રીમદ્‌ભગવદ્‌ગીતા

જ્ઞાન સૌથી પવિત્ર વસ્તુ છે

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ સંચાલિત

શ્રી પાટીદાર વિદ્યાર્થીભવન

નખત્રાણા-કચ્છ

દ્વિવાર્ષિક અહેવાલ

સંવત	ઇસવીસન
૨૦૧૬-૧૭	૧૯૬૦-૬૧
અને	અને
૨૦૧૭-૧૮	૧૯૬૧-૬૨

નિવેદન

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ સંચાલિત પાટીદાર વિદ્યાર્થીભવન, નખત્રાણા કચ્છનો સંવત ૨૦૧૬–૨૦૧૭ તથા ૨૦૧૭–૨૦૧૮ અને ઇસ્વીસન ૧૯૬૦–૧૯૬૧ તથા ૧૯૬૧–૧૯૬૨નો દ્વિવાર્ષિક અહેવાલ પ્રગટ કરતાં અમને ઘણોજ આનંદ થાય છે.

કચ્છ પ્રદેશ વિદ્યાભ્યાસમાં પછાત ગણાય છે. તેમાં પણ આપણી જ્ઞાતિ; જેનો મુખ્ય ધંધો ખેતીનો છે, તેમાં તો અક્ષરજ્ઞાન મેળવવા પૂરતી પણ સગવડ ન હતી. આજે પણ આપણા સમાજનો ઘણો ભાગ છૂટો છવાયો, ભણતર વિનાનો, ગરીબ હાલતમાં નાનાં નાનાં ગામડાંઓમાં વેરાયેલો પડયો છે. હવે સમય બદલાયો છે. આપણો દેશ સ્વતંત્ર થયો છે. રાજકીય સ્વતંત્રતાની સાથે આર્થિક અને સામાજિક વિકાસ તરફ આપણે આગળ વધી રહ્યા છીએ. આપણી જ્ઞાતિ પણ ઈશ્વરકૃપાથી આર્થિક અને સામાજિક વિકાસમાં આગળ વધી દેશહિતમાં પોતાનો ફાળો યથાશકિત આપી રહી છે. જ્ઞાતિમાં કેળવણી પ્રત્યે પ્રેમ અને અનુરાગ વધ્યાં છે. આપણી જ્ઞાતિનાં ઘણાં બાળકો ઉચ્ચ કેળવણી લેતાં થયાં છે. ભારત બહાર પરદેશમાં પણ વિદ્યાભ્યાસ માટે ગયાં છે અને ઉચ્ચ કેળવણી લીધી છે. ઘણા વિદ્યાર્થીઓ આગળ વધી શકે તેવી બુદ્ધિ અને શકિત ધરાવતા હોય છે. તેમને અભ્યાસ માટે યોગ્ય સાધન અને સગવડ આપવામાં આવે તો અભ્યાસમાં આગળ વધી પોતાનાં જીવનનો માર્ગ સરળ બનાવી જીવનને સુખી કરી શકે અને સમાજ તથા દેશને પણ ઉપયોગી બની શકે. તેથી આપણા સમાજના આગેવાન કાર્યકર ભાઇઓની સમાજ તરફની ભલી લાગણી, સતત મહેનત, માર્ગ-દર્શન અને મદદથી કેળવણીની આ મહાન સંસ્થા–વિદ્યાધામ–આપણા સમાજનાં બાળકો માટે આપણે શરૂ કરી શકીએ છીએ.

આ સંસ્થામાં આપણાં બાળકોને અપાતાં શિક્ષણ, સંસ્કાર, સગવડ, વગેરેનો અહેવાલ આ સાથે રજુ કરેલ છે. અમારી યથાશકિતમતિ, શુદ્ધ નિષ્ઠા અને સદ્ભાવનાથી સંસ્થાનો વહિવટ ચલાવવાનો અમે પ્રયત્ન કરેલો છે, તેની અમે ખાતરી આપીએ છીએ. તે સાથે અમો અમારી મર્યાદાઓ પણ સમજીએ છીએ. આવી મહાન સંસ્થા ચલાવવાનો અમારો આ પ્રથમજ પ્રસંગ અને પ્રયત્ન છે. એટલે તેના વહિવટમાં કયારેક કંઇક ખામી રહી હોય તેવો સંભવ છે. તે માટે અમને વાંચકો દરગુજર કરશે એવી અમે આશા રાખીએ છીએ.

આ સંસ્થાના સંચાલનમાં અમને અવારનવાર માર્ગદર્શન અને મદદ મળતાં રહેલ છે. ખાસ કરીને સમાજના પ્રમુખ શ્રી શિવદાસભાઇ કાનજી તથા મુરબ્બીશ્રી ભીમજીભાઇ કેસરા અને સમાજના અન્ય આગેવાન કાર્યકર ભાઇઓ તરફથી અમને ઘણીવાર યોગ્ય સલાહ અને માર્ગદર્શન મળેલાં છે. ઉપરાંત કેટલાક ભાઇઓ તરફથી આ સંસ્થાને રોકડ રકમ, ચીજ વસ્તુ, અનાજ, જમણ વગેરેની ભેટ અવાર નવાર મળેલ છે, તેવીજ રીતે આ સંસ્થાના વિદ્યાર્થીઓને હાઇસ્કૂલમાં દાખલ કરાવવા બાબતમાં અને અભ્યાસ વગેરે સંબંધમાં કચ્છના શિક્ષણાધિકારી સાહેબ અને નખત્રાણા હાઇસ્કૂલના હેડમાસ્તર સાહેબ તથા અન્ય શિક્ષક ભાઇઓ તરફથી ઘણીજ સહાનુભૂતિ અને સહાય સાંપડતાં રહે છે. સરકારી મેડીકલ ઓફિસર સાહેબ શ્રી અમરચંદભાઇ ગાલા તેમજ પ્રાઇવેટ પ્રેકટીશનર ડોકટર શ્રી આસુમલભાઇ તરફથી વિદ્યાર્થીઓને બિમારી પ્રસંગે અવારનવાર યોગ્ય સલાહ તથા દવા વગેરે મળતાં રહે છે અને કોઇ પણ જાતની ફી લીધા વગર સંસ્થામાં આવીને પણ વિદ્યાર્થીઓની સારવાર કરવામાં આવેલ છે. શ્રી નખત્રાણા તાલુકાના વિકાસ ઘટક અધિકારી સાહેબ શ્રી અધેરા અને તેમના સ્ટાફના અન્ય ભાઇઓએ વિદ્યાર્થીઓને રમતગમત અને મનોરંજનની પ્રવૃત્તિઓમાં યોગ્ય માર્ગદર્શન અને મદદ આપી સારો વિકાસ કરાવેલ છે. શ્રી ઇલેકટ્રીક પાવર હાઉસના અધિકારી સાહેબ તરફથી સંસ્થાને મળતા વીજળીના પૂરવઠા અંગે ખૂબ કાળજી રાખવામાં આવેલ છે. વળી ફોરેસ્ટ ખાતાના અધિકારી સાહેબ તરફથી વૃક્ષારોપણ પ્રસંગે જોઇતા રોપા વગેરેની મદદ મળેલ છે. શ્રી સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ ખાતાના અધિકારી સાહેબ તરફથી સંસ્થાની નજીકમાં બસ સ્ટોપની ગોઠવણ કરી આપવામાં આવેલ છે. ઉપરાંત સંસ્થામાં જ્યારે જ્યારે રાષ્ટ્રીય પર્વ વગેરેની ઉજવણી થયેલ છે ત્યારે ત્યારે શ્રી ડેપ્યુટી કલેકટર સાહેબ, શ્રી જજ સાહેબ, શ્રી મામલતદાર સાહેબ અને અન્ય આધકારી સાહેબો, લોકલ બોર્ડના પ્રમુખ શ્રી જુગતરામભાઇ રાવળ, નખત્રણાના સરપંચ શ્રી, વેપારીઓ, સામાજીક કાર્યકરો અને વકીલ સાહેબોએ, તે પ્રસંગોએ હાજરી આપી તેમાં ભાગ લઇ સંસ્થાના વિદ્યાર્થીઓને ઉત્સાહિત કરેલ છે. તેમજ સંસ્થાની મુલાકાતે પધારેલા મહાનુભાવોએ વિદ્યાર્થીઓને અવાર નવાર જે ઉદ્બોધન કરેલાં છે તે માટે આ બધા મુરબ્બીઓ, કાર્યકર ભાઇઓ, સરકારી અધિકારી સાહેબો, વકીલ સાહેબો, વેપારીઓ, વગેરેનો અમે આ તકે ઘણોજ આભાર માનીએ છીએ. ભવિષ્યમાં પણ એમના તરફથી અમને યોગ્ય માર્ગદર્શન મદદ અને સહાનુભૂતિ મળતાં રહેશે એવી આશા રાખીએ છીએ. ઉપરાંત સંસ્થાના કર્મચારીઓ અને વિદ્યાર્થીઓએ સંસ્થાના સંચાલનમાં જે સાથ અને સહકાર આપેલ છે તે બદલ અમે તેમને ધન્યવાદ આપીએ છીએ.

અંતમાં શ્રી પરમકૃપાળુ પરમાત્મા પ્રત્યે અમારી નમ્ર પ્રાર્થના છે કે આપણે એક બીજાના સાથ અને સહકારથી કેળવણીની આપણી આ મહાન સંસ્થા-આપણા વિદ્યાધામની પ્રગતિ અને વિકાસ સાધી શકીએ એવી શકિત અને મતિ આપણને પ્રાપ્ત થાય. એજ અભ્યર્થના.

★

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ સંચાલિત પાટીદાર વિદ્યાર્થીભવન, નખત્રાણા–કચ્છ

સંસ્થાનું મકાન

૧૫,૬૦૯ ચોરસ વારના એક મોટા પ્લોટમાં પશ્ચિમ બાજુ પૂર્વાભિમૂખ ૩૬૦ ફુટ લાંબું એક મજલાવાળું–એક નીચે અને એક ઉપર માળવાળું–એક વિશાળ મકાન બાંધવામાં આવેલ છે. તેમાં એક રૂમમાં ચાર વિદ્યાર્થીઓ પૂરી સગવડથી સાથે રહી શકે એવા ૪૮ રૂમ, તથા નીચે અને ઉપર મળીને ચાર વિશાળ ઓરડા અને વચમાં કાર્યાલય માટેનો એક મોટો ઓફિસરૂમ બનાવવામાં આવેલ છે.

પ્લોટમાં ઉત્તર તરફ દક્ષિણાભિમૂખ એકી સાથે ૨૫૦ વિદ્યાર્થીઓ જમી શકે એવો સંપૂર્ણ સગવડતાવાળો મોટો ભોજનખંડ, તે સાથે એક રસોઈઘર, એક રાશન રાખવા માટેનો કોઠારરૂમ અને નળથી પાણીની સગવડવાળું એક વિશાળ મકાન બનાવવામાં આવેલ છે.

પ્લોટની દક્ષિણ બાજુએ કૂવો બનાવવામાં આવેલ છે, અને તે પર ઇલેકટ્રીક મોટર–પંપ બેસાડી પાણી માટેની સગવડ કરવામાં આવી છે. કૂવાની બાજુમાં નાવા-ધોવા માટે સોળ સ્નાનગૃહ નળનાં પાણીની સગવડવાળાં બાંધવામાં આવેલ છે.

પ્લોટની પૂર્વ બાજુએ એક વિશાળ દરવાજો, દરવાજાની બંને બાજુ મોટા ઓટલા અને એક એક રૂમ બનાવવામાં આવેલ છે. અને દક્ષિણ બાજુએ પણ એક દરવાજો તથા ચોકીદાર માટે એક રૂમની ગોઠવણ કરવામાં આવી છે. અને પ્લોટના ઇશાન ખૂણામાં છેડે જાજરૂની ગોઠવણ કરવામાં આવી છે.

આખા મકાનમાં બધી જગાએ ઇલેકટ્રીક લાઈટની સગવડ કરવામાં આવી છે. આ આખા પ્લોટને પાકી દિવાલથી ઘેરી લેવામાં આવેલ છે. મૂખ્ય મકાનની વચમાં ઉપર એક મોટું ઘડિયાળ–ટાવર–ટકોરાવાળું બેસાડવામાં આવેલ છે.

આ મકાનનું ઉદ્‌ઘાટન તા. ૧૧–૫–૧૯૬૦ વૈશાખ સુદ ૧૫ સંવત ૨૦૧૬ના શુભ દિને શ્રી. શિવદાસભાઈ કાનજીના પ્રમુખપદે શ્રી. ભીમજીભાઈ કેસરાના શુભહસ્તે કરવામાં આવેલ અને ઉનાળાની રજા બાદ વિદ્યાર્થીઓનાં આગમનથી તારીખ ૧૩–૬–૧૯૬૦ થી સંસ્થાની કાર્યવાહી પદ્ધતિસર શરૂ કરવામાં આવી.

અભ્યાસની ગોઠવણ

સંસ્થામાં સામાન્ય રીતે વિદ્યાર્થીઓને ગુજરાતી છઠ્ઠા વર્ગથી દાખલ કરવામાં આવે છે, તેમ છતાં કેટલાંક ગામોમાં પાંચમા વર્ગના અભ્યાસની સારી સગવડ ન હોતાં તેવાં ગામોના વિદ્યાર્થીઓને અપવાદ રૂપે ગુજરાતી પાંચમા વર્ગથી દાખલ કરવામાં આવેલ છે. એવી રીતે પાંચમા વર્ગથી અગ્યારમાં વર્ગ સુધીના વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવેલ છે. અભ્યાસ માટે વિદ્યાર્થીઓ ભવનની બાજુમાંજ આવેલ શેઠશ્રી કે. વી. (ગવર્નમેન્ટ) હાઇસ્કૂલમાં જાય છે. સારો અભ્યાસ અને સારા સંસ્કાર એ આપણી સંસ્થાનો ઉદ્દેશ હોતાં વિદ્યાર્થીઓને અભ્યાસમાં સુગમતા થાય તે માટે સંસ્થામાં નકશા--પુસ્તકો અને બીજાં સાધનો વસાવવામાં આવેલ છે. તથા ગૃહપતિ તરફથી તેમના અભ્યાસ ઉપર દેખરેખ રાખવામાં અને મદદ કરવામાં આવે છે. જેથી કેટલાક વિદ્યાર્થીઓ પોતપોતાના વર્ગમાં ઉંચો નંબર રાખી છ માસિક અને વાર્ષિક પરીક્ષામાં પહેલે નંબરે પાસ થયા છે, તેમજ તેમના વર્ગના ચાલુ અભ્યાસ ઉપરાંત ખાસ જૂદો અભ્યાસ કરી રાષ્ટ્રભાષા હિન્દીની અલગ પરીક્ષા આપી તેમાં પણ સારે નંબરે પાસ થયા છે. જેની વિગત અન્યત્ર આપવામાં આવી છે.

ધાર્મિક શિક્ષણ અને નૈતિક કેળવણી

વિદ્યાર્થીભવનમાં કોઇ ખાસ વિશિષ્ટ ધર્મનો પ્રચાર કરવામાં અથવા ઉપદેશ કે શિક્ષણ આપવામાં આવતાં નથી. પરંતુ વિદ્યાર્થીઓ સર્વધર્મ સમભાવવાળા બને, તેમનામાં ધર્મ અને નીતિના સંસ્કાર પડે, તેઓ માનવતાના ઉચ્ચ ગુણો કેળવે, સારૂં શિક્ષણ અને સારા સંસ્કાર પામી, દેશ અને સમાજને ઉપયોગી બને તથા આત્મજ્ઞાન મેળવે તેની ખાસ કાળજી રાખવામાં આવે છે. તેથી દરરોજ સવાર સાંજ પ્રાર્થના કરવામાં આવે છે. અને પ્રાર્થના પછી ગૃહપતિ તરફથી પ્રાસંગિક પ્રવચન કરવામાં આવે છે. વળી સંસ્થામાં ગીતા-વર્ગ શરૂ કરવામાં આવેલ છે તેમાં વિદ્યાર્થીઓને ગીતાપાઠ કરાવવામાં આવે છે અને દરેક વિદ્યાર્થીને શ્રીમદ્દભગવદ્દગીતાનું પુસ્તક આપવામાં આવેલ છે.

વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય ભાવના કેળવે, સંપ સલાહથી રહી સહકારની ભાવનાથી કામ કરે, ધર્મ અને નીતિના સંસ્કાર પામે, સામાન્ય જ્ઞાન મેળવી શકે, તે વગેરે હેતુથી સંસ્થામાં રાષ્ટ્રીય, સામાજીક અને અન્ય કાર્યક્રમો ગોઠવવામાં આવે છે. વર્ષ દરમ્યાન સ્વાતંત્ર્યદિન, વનમહોત્સવ, મહાત્મા ગાંધી જયંતી, ધ્વજદિન, પ્રજાસત્તાકદિન, પૂજ્ય ગાંધીજીનો નિર્વાણ દિન, વગેરે ઉજવવામાં આવેલ હતાં. શ્રાવણી પૂનમને દિને રક્ષાબંધન અને જે વિદ્યાર્થીઓએ જનોઇ ધારણ કરેલ છે તે વિદ્યાર્થીઓની જનોઇ શાસ્ત્રોકત રીતે બદલાવવાની ગોઠવણ કરવામાં આવી હતી. આવી રીતે તહેવારો વગેરેની ઉજવણી કરવામાં આવે છે અને વિશિષ્ટ વ્યકિતઓનાં પ્રવચનો ગોઠવવામાં આવે છે, જેમાં કચ્છ જીલ્લા કલેકટર શ્રી ખાબડે સાહેબ, કચ્છ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ શ્રી સોલંકી સાહેબ, કચ્છ જીલ્લા શિક્ષણાધિકારી સાહેબ, નખત્રાણા હાઇસ્કૂલના હેડમાસ્તર સાહેબ, વિકાસ ઘટક અધિકારી શ્રી અઘેરા સાહેબ, પોસ્ટલ ઇન્સ્પેકટર સાહેબ,

રાજકોટ વિભાગના આરોગ્યકેન્દ્રના ડેપ્યુટી ડાયરેકટર ઓફ હેલ્થ શ્રી દારોગા સાહેબ, ભૂદાન કાર્યકર શ્રી સંઘવી અને શ્રી વાલજીભાઈ, સમાજના પ્રમુખશ્રી શિવદાસભાઇ કાનજી તથા અન્ય આગેવાન કાર્યકર ભાઇઓ, મુંબઇ સમાજના કાર્યકર શ્રી ખીમજીભાઇ કચરાભાઇ તથા શ્રી માવજીભાઇ ધનજીભાઇ વગેરે વિશિષ્ટ વ્યક્તિઓનાં પ્રવચનોનો લાભ વિદ્યાર્થીઓને મળેલ હતો.

શારીરિક શિક્ષણ

વિદ્યાર્થીઓની તંદુરસ્તી સુધરે તે માટે વ્યાયામ અને રમતગમતની ગોઠવણ નિયમિત કરવામાં આવેલ છે. સમયપત્રકમાં જણાવ્યા મુજબ વિદ્યાર્થીઓ સવારમાં દરરોજ અર્ધો કલાક પદ્ધતિસર ડ્રીલ, પેરેડ, કવાયત કે કસરત કરે છે. ઉપરાંત સંસ્થાના ચોગાનમાં ખોખો, હુતુતુ, લંગડી, વગેરે પોતાને મનપસંદ રમતો સાંજે રમે છે સંસ્થામાં ક્રિકેટ, ફુટબોલ, અને વોલીબોલનાં સાધનો વસાવવામાં આવેલ છે. વિદ્યાર્થીઓ તે રમતો રમે છે. અને સગવડે તેમની મેચ–હરિફાઇ વગેરે પણ ગોઠવવામાં આવે છે. હાઇસ્કૂલની ક્રિકેટ ટીમમાં અને બીજી રમતોમાં પણ કેટલાક વિદ્યાર્થીઓ રમવા જાય છે વળી ડાંડીઆરાસ તેમજ તાલુકા કક્ષાએ ગોઠવાતી રમતગમતની હરિફાઇઓમાં પણ વિદ્યાર્થીઓ ભાગ લે છે. ૧૯૬૦–૧૯૬૧ ની સાલે શ્રી નખત્રાણા વિકાસ ઘટક ખાતા તરફથી તા. ૨૪–૯–૧૯૬૦ ને રોજ રાસ હરિફાઇ સમારંભ યોજવામાં આવેલ હતો. તેમાં જુદાં જુદાં ગામોમાંથી આવેલ રાસમંડળીઓએ ભાગ લીધો હતો. સંસ્થાના વિદ્યાર્થીઓએ પણ ભાગ લીધો હતો, અને ડાંડીઆરાસનો કાર્યક્રમ રજુ કર્યો હતો. આ હરિફાઇમાં આપણા વિદ્યાર્થીઓને પહેલું ઇનામ મળેલ હતું. ત્યારબાદ તા. ૨–૧૦–૧૯૬૦ ને રોજ કચ્છ જીલ્લા વિકાસ ઘટક તરફથી ભુજમાં રાસ હરિફાઇ સમારંભ યોજવામાં આવેલ તેમાં જુદા જુદા તાલુકામાંથી પ્રથમ નંબરે આવેલ મંડળીઓએ ભાગ લીધો હતો. આપણા વિદ્યાર્થીઓને પણ શ્રી નખત્રાણા વિકાસ ઘટક તરફથી ભુજ મોકલવામાં આવેલ. ભુજ હરિફાઇમાં પણ તેમણે સારો દેખાવ કરેલ અને બીજે નંબરે આવેલ હતા. આવીજ રીતે ૧૯૬૧–૧૯૬૨ ની સાલ દરમ્યાન પણ તા. ૬–૧૦–૧૯૬૧ ને રોજ નખત્રાણામાં રાસ હરિફાઇ સમારંભ યોજવામાં આવેલ તેમાં આપણા વિદ્યાર્થીઓને તાલુકાનું પહેલું ઇનામ મળેલું હતું. તે અન્વયે તા. ૧૦–૧૦–૧૯૬૧ ને રોજ ભુજમાં રાસ હરિફાઇમાં પણ આપણા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને ત્યાં તેમને આશ્વાસન ઇનામ રૂપીઆ પંદરનું મળેલ હતું. વળી ૧૯૬૦ ના નવેમ્બરમાં નખત્રાણા તાલુકા કક્ષાએ નખત્રાણા હાઇસ્કૂલના ચોગાનમાં રમતોત્સવ યોજવામાં આવેલ તેમાં તાલુકાભરમાંથી જુદાં જુદાં ગામોની સંસ્થાના વિદ્યાર્થીઓ તેમજ અન્ય જનોએ જૂદી જૂદી રમતોમાં ભાગ લીધો હતો. ભવનના કેટલાક વિદ્યાર્થીઓએ તે હરિફાઇમાં ભાગ લીધો હતો અને નીચે મુજબનાં ઇનામો મેળવ્યાં હતાં.

૧.	કેશવલાલ ધનજી	પંદરસો મીટરની દોડ	પહેલું ઇનામ
૨.	નારાણ ધનજી	ત્રણસો મીટરની દોડ	પહેલું ઇનામ
૩.	વેલજી લધાભાઈ	એકસો મીટરની દોડ	પહેલું ઇનામ

૪. વેલજી લધાભાઈ	ગોળા ફેંક	પહેલુ ઇનામ
૫. ગંગારામ હીરાલાલ	લાંબો–કૂદકો	પહેલું ઇનામ
૬. ગંગારામ હીરાલાલ	ઊંચો કૂદકો	પહેલું ઇનામ

કિશોર વિભાગમાં

૧. મેઘજી પ્રેમજી	આઠસો મીટરની દોડ	બીજું ઈનામ
૨. ગંગદાસ હરજી	એકસો મીટરની દોડ	પહેલું ઈનામ
૩. શામજી લાલજી	આઠ રતલી ગોળા ફેંક	પહેલું ઈનામ
૪. ઝવેરીલાલ માવજી	આઠ રતલી ગોળાફેંક	બીજું ઈનામ
૫. શિવજી ભીમજી	લાંબો–કૂદકો	બીજું ઇનામ
૬. કરમસી અબજી	ઊંચો-કૂદકો	પહેલું ઇનામ
૭. મૂળજી રામજી	ઊંચો-કૂદકો	બીજું ઇનામ

તેવી જ રીતે ૧૯૬૧ના નવેમ્બરમાં પણ રમતોત્સવ થયેલ તેમાં આપણા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને નીચે મુજબનાં ઇનામ મેળવ્યાં હતાં.

કુમાર વિભાગમાં

૧. કલ્યાણજી ભીમજી	પાંચ હજાર મીટરની દોડ	પહેલું ઇનામ
૨. નારાણ ધનજી	પંદરસો મીટરની દોડ	પહેલું ઇનામ
૩. વેલજી લધાભાઇ	પંદરસો મીટરની દોડ	બીજુ ઇનામ
૪. વેલજી લધાભાઇ	એકસો મીટરની દોડ	પહેલું ઇનામ
૫. નારાણ ધનજી	એકસો મીટરની દોડ	બીજું ઇનામ
૬. ગંગારામ હીરાલાલ	ઊંચો-કૂદકો	પહેલું ઇનાન
૭. કલ્યાણજી ભીમજી	ઊંચો-કૂદકો	બીજું ઇનામ
૮. ગંગારામ હીરાલાલ	લાંબો–કૂદકો	પહેલું ઇનામ
૯. વેલજી લધાભાઇ	લાંબો- કૂદકો	બીજું ઈનામ
૧૦. વેલજી લધાભાઇ	બાર રતલી ગોળા ફેંક	બીજું ઈનામ

ઉપરાંત મનોરંજન કાર્યક્રમમાં ૧૯૬૦ના સપ્ટેમ્બર માસમાં વિદ્યાર્થીઓ તરફથી "આઝાદ ભારત અથવા સત્યનો જય" નામનું નાટક ભજવી બતાવવામાં આવેલ હતું અને તે પ્રેક્ષકોને ઘણુંજ ગમ્યું હતું. તથા સને ૧૯૬૧ના ઓગસ્ટ માસમાં ગામશ્રી નાના અંગીઆ મધ્યે શ્રી લક્ષ્મીનારાયણના મંદિરમાં મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠાના શુભ પ્રસંગે શ્રી અંગીઆ સમાજ તરફથી ભવનના વિદ્યાર્થીઓ અને કર્મચારીઓને આમંત્રણ મળતાં સંસ્થાના કેટલાક વિદ્યાર્થીઓ તે પ્રસંગે સ્વયંસેવક તરીકે અંગીઆ ગયા હતા અને ત્યાં કામકાજમાં ઘણા ઉપયોગી થયા હતા.

સિવાય વિદ્યાર્થીઓ શ્રમનો મહિમા સમજે, સેવાભાવના કેળવે, અને અરસપરસ ભાઇચારાથી વર્તી કામ કરે તે માટે વિદ્યાર્થીઓની ચાર ટુકડીઓ પાડવામાં આવી છે, દરેક ટુકડીનો એક નાયક અને એક ઉપનાયક હોય છે. તે પોતપોતાની ટુકડીને કસરત–કવાયત–રમત ગમત–શીખવે, સંસ્થાનાં કામકાજમાં મદદ કરે, સફાઇ વગેરે કાર્યક્રમો ગોઠવે અને બગીચાનું કામકાજ સંભાળે. વળી દરેક ઓરડામાં ચાર વિદ્યાર્થી રહે છે, તેમાંથી એક નેતા હોય છે તે પોતાની ઓરડીની સફાઇ, વ્યવસ્થા વગેરે કામકાજ ઓરડીના બીજા ભાઇઓ સાથે રહીને સંભાળે છે અને સૌથી ઉપર અધિનાયક હોય છે જે સઘળા વિદ્યાર્થીઓ ઉપર દેખરેખ રાખી માર્ગદર્શન આપે છે. અને આવી રીતે વિદ્યાર્થીઓને સામાન્ય કામકાજ વ્યવસ્થા વગેરેની તાલીમ મળી શકે છે.

પુસ્તકાલય અને વાંચનાલય
તથા હસ્તલિખિત અંક "દીપક"

ઇતરવાચન વિદ્યાર્થીઓનાં જ્ઞાન વિકાસ માટેનું જરૂરી સાધન છે. વિદ્યાર્થીઓ દેશ અને દુનિયાના બનાવોથી પરિચિત રહે અને વિશ્વના બદલાતા વાતાવરણથી વાકેફ થાય, સારાં પુસ્તકો વાંચી સારૂં જ્ઞાન મેળવે, સારી ભાવનાવાળા અને સદ્‌ગુણી બને તે હેતુથી સંસ્થામાં વિદ્યાર્થી પુસ્તકાલય અને વાચનાલયની ગોઠવણ કરવામાં આવી છે. પુસ્તકાલયમાં હાલે આશરે ત્રણસો પુસ્તકો છે અને વાચનાલય માટે માસિકમાં જનકલ્યાણ, અખંડાનંદ, જાગૃતિ, તથા દૈનિકમાં "મુંબઇ સમાચાર" અને "કચ્છમિત્ર" તેમજ સર્વોદયનુ "ભૂમિપુત્ર" વગેરે વર્તમાનપત્રો આવે છે. આ પુસ્તકાલય અને વાચનાલયનું સંચાલન મૂખ્યત્વે વિદ્યાર્થીઓજ કરે છે.

આ પ્રવૃત્તિનાં સુફળ તરીકે વિદ્યાર્થીઓ તરફથી એક હસ્તલિખિત અંક "દીપક" તૈયાર કરવામાં આવેલ. તેનું ઉદ્‌ઘાટન તા. ૨૬–૧–૧૯૬૨ ને રોજ શ્રી નખત્રાણા મામલતદાર સાહેબના શુભહસ્તે કરવામાં આવેલ હતું. સદરહુ અંક સારી રીતે તૈયાર કરવા બદલ શ્રી મામલતદાર સાહેબ અને અન્ય સદ્‌ગૃહસ્થો તરફથી વિદ્યાર્થીઓને અભિનંદન આપવામાં આવેલ હતાં.

વિદ્યાર્થી વસ્તુભંડાર

સંસ્થાના વિદ્યાર્થીઓને અભ્યાસમાં ઉપયોગી ચીજ–વસ્તુ જેવી કે, નોટબુક, પેન્સીલ, શાહી, વગેરે લેવા માટે વિદ્યાર્થીઓને અવારનવાર ગામમાં જવું પડતું તેમાં તેમનો કેટલોક સમય પસાર થઇ જતો. તેમજ કેટલીક વખત ચીજ વસ્તુ મોંઘી પણ મળે, જેથી વિદ્યાર્થીઓનો સમય બચે, તેમને જોઇતી અને ઉપયોગી ચીજ વસ્તુ સારી તથા કિફાયતથી મળે તે હેતુથી સંસ્થામાં વિદ્યાર્થી વસ્તુભંડાર ચાલુ કરવામાં આવેલ છે. હાલે તેમાં નોટબુક, પેન્સીલ, સાબુ, પોસ્ટકાર્ડ, વગેરે ચીજો રાખવામાં આવેલ છે. ભવિષ્યમાં આ ભંડારને વિશેષ વિકસાવવાની અમારી ઉમેદ છે. વિદ્યાર્થીઓને ખરીદ, વેચાણ, નામું, હિસાબ, વગેરે કામનો અનુભવ મળી શકે તે માટે ભંડારનો વહિવટ વિદ્યાર્થીઓ ગૃહપતિનાં માર્ગદર્શન હેઠળ સંભાળે છે.

ગૃહપતિ



શ્રી. હીરજી ટોકરશી ઠક્કર બી.એ., બી.ટી.
જેમની રાહબરી નીચે છાત્રાલયનું ભાવી નિઃશંક ઉજ્જવળ છે.



છાત્રાલયના વિદ્યાર્થીઓની કવાયતનું એક દૃશ્ય

વૈદકીય ગોઠવણ

સંસ્થામાં લગભગ સોએક વિદ્યાર્થી રહે છે. ઉપરાંતમાં કર્મચારીઓ પણ રહે છે. તેથી કોઇને કોઇ પ્રસંગે દવા કે સારવારની જરૂર પડે એ સ્વાભાવિક છે. ઇશ્વરકૃપાથી આ મુદત દરમ્યાન વિદ્યાર્થીઓનું આરોગ્ય સામાન્ય રીતે સંતોષકારક રહેલ છે. તેમ છતાં આવડી મોટી જનસંખ્યામાં કયારેક તાવ, શરદી, પેટમાં દુઃખવું કે કયાંક કોઇને કંઇ અકસ્માતથી વાગી જવું વગેરે નાની નાની તકલીફો થયા કરે, તેથી પ્રાથમિક ઉપચાર માટે કેટલીક દેશી પરદેશી દવાઓ સંસ્થામાં રાખવામાં આવે છે. તેમજ આવે પ્રસંગે સરકારી આરોગ્ય કેન્દ્રમાંથી દવા અને સારવાર સરખી રીતે મળેલ છે. વળી કયારેક કોઇ વિદ્યાર્થીને એચિંતા રાતભાગમાં દર્દ થઇ આવતાં સરકારી ડોકટર શ્રી અમરચંદ રતનસી ગાલાએ ભવનમાં આવી જરૂરી સમય રોકાઇને વિદ્યાર્થીની સારવાર કરેલ છે. તેવીજ રીતે પ્રાઇવેટ પ્રેકટીશનર ડોકટર શ્રી આસુમલે પણ જરૂરને વખતે ભવનમાં આવી વિદ્યાર્થીઓની દવા અને સારવાર કરેલ છે. આમ આ બંને ડોકટરોએ વિઝિટ ફી વગેરે લીધા વગર સંસ્થાના વિદ્યાર્થીઓ તરફ સહાનુભૂતિ બતાવી દવા આપી સારી સારવાર કરેલ છે.

બસ સ્ટોપની ગોઠવણ

સંસ્થાના વિદ્યાર્થીઓ તેમજ તેમના વાલીઓ કે કાર્યકર ભાઇઓ બસથી બહારગામથી નખત્રાણા આવતા કે જતા ત્યારે તેમને બસસ્ટેન્ડથી સંસ્થા સુધી આવવા જવા માટે દૂર સુધી ચાલવું પડે અને તકલીફ થાય. કારણ કે આ સંસ્થાનું મકાન બસ સ્ટેન્ડથી લગભગ એક માઇલ દૂર છે. તેથી સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ આધિકારી સાહેબને સંસ્થા નજીક બસો ઊભી રહે તેવી ગોઠવણ કરી આપવા વિનંતિ કરેલ, તે પરથી તેમણે સંસ્થાની સામે નખત્રાણાથી કોટડા તરફ જતા ધોરી માર્ગ–સડક–પર બસ સ્ટોપની ગોઠવણ કરી તે માટેનું પાટીઉં ખોડાવી આપેલ છે. આવી રીતે સંસ્થામાં આવતા જતા વિદ્યાર્થીઓ અને બીજાઓ માટે સારી સગવડ કરી આપી છે.

ભોજન વ્યવસ્થા

સંસ્થામાં વિદ્યાર્થીઓને સાદો પણ સારો, સાત્વિક તેમજ પૌષ્ટિક ખોરાક આપ–વાની ખાસ કાળજી રાખવામાં આવે છે. હાલમાં ભોજન વ્યવસ્થા નીચે મુજબની છે.

દરરોજ સવારમાં નાસ્તામાં- દૂધ તોલા વીશ અને પલાળેલા ચણા.
બપોરના જમણમાં–ઘઉંની રોટલી, દાળ, ભાત, શાક અને છાશ.
સાંજના જમણમાં–ખીચડી, ઘી, કઢી અથવા કચુંબર, અથાણું કે કાંદા અને છાશ.
દર રવિવારે મિષ્ટાન્ન આપવામાં આવે છે.
ઋતુ અને સંજોગો અનુસાર ફેરફાર કરવામાં આવે છે.

*

અવસાન નોંધ



નખત્રાણાના બોર્ડીંગના વિદ્યાર્થી
સ્વ. પટેલ હરીલાલ માવજી
વિથોણ-કચ્છ.

આપણી સંસ્થાના એક આશાસ્પદ સારા અને હોશિયાર વિદ્યાર્થી હરિલાલ માવજી વિથોણવાળા વર્ગ ૧૧ના, તા. ૨૭-૧૦-૬૧ શુક્રવારને રોજ સવારના સાડા દશ વાગે હૃદય બંધ થઇ જવાથી અકાળે થયેલ અવસાનની નોંધ લેતાં અમને ઘણું જ દુ:ખ અને દિલગીરી થાય છે. ભાઇ હરિલાલ ભણવામાં હોશિયાર, રમત ગમતમાં આગળ પડતો ભાગ લેનાર, વિવેકી, નિખાલસ મનના અને મળતાવડા સ્વભાવના હોઇ હાઇ-સ્કૂલમાં શિક્ષક વર્ગમાં તથા સહાધ્યાયીઓમાં તેમજ સંસ્થાના કર્મચારીઓ અને વિદ્યાર્થી ભાઇઓમાં ખૂબજ પ્રિય થઈ પડ્યા હતા. એટલુંજ નહિ પણ સમાજના કાર્યકર ભાઇઓની પણ ભાઈ હરિલાલ પ્રત્યેસારી લાગણી હતી. આવા અતિપ્રિય અને આશાસ્પદ વિદ્યાર્થીના અકાળ-ઓચિંતા દુ:ખદ અવસાનથી સંસ્થાના વિદ્યાર્થીઓ, કર્મચારીઓ અને સમાજના કાર્યકર ભાઇઓને ઘણુંજ દુ:ખ થયું છે. હાઇસ્કૂલના વિદ્યાર્થીઓ અને શિક્ષકભાઇઓ તરફથી સભા ભરી શોક પ્રદર્શિત કરવામાં આવેલ. સદ્‌ગતના આત્માની શાંતિ ઇચ્છી તે દિન માટે શાળાનું ચાલુ કામકાજ બંધ રાખવામાં આવેલ હતું. વિદ્યાર્થીભવનના વિદ્યાર્થીઓ અને કર્મચારીઓએ ભવનના પ્રાર્થના ખંડમાં એકઠા મળી સદ્‌ગતને અંજલી આપી હતી. સદ્‌ગતના આત્માને શાંતિ અને સદ્‌ગતના વાલીઓને આ દુઃખદ વિયોગ સહન કરવાની શકિત આપે તેવી શ્રી પરમકૃપાળુ પરમાત્મા પ્રત્યે પ્રાર્થના કરી હતી અને રામધુન કરવામાં આવી હતી. ભાઇ હરિલાલના અમર આત્માને પ્રભુ શાન્તિ આપે એજ અભ્યર્થના.

વાર્ષિક પરીક્ષાનાં પરિણામ

એપ્રિલ ૧૯૬૧માં થયેલ વાર્ષિક પરીક્ષામાં ૯૩ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા. તેમાંથી ૪૯ પૂરેપૂરા પાસ થયા અને ૩૩ ને ઉપલા વર્ગમાં ચઢાવવામાં આવ્યા. બાકીના ૧૧ વિદ્યાર્થી નાપાસ થયા હતા. વર્ગવાર પરિણામ નીચે મુજબ છે:

જનરલ નંબર	વર્ગ નંબર	નામ	ગામ	પરિણામ
			વર્ગ ૧૧	
૧	૧	માવજી જશાભાઇ	વિથોણ	એસ.એસ.સી. પરીક્ષામાં પાસ
		વર્ગ ૧૦		
૨	૧	હરિલાલ માવજી	વિથોણ	પાસ
૩	૨	કેશવલાલ ધનજી	આનંદસર (મંજલ)	ઉપલા વર્ગમાં ચઢાવવામાં આવેલ
			વર્ગ ૯	
૪	૧	ડાહ્યાલાલ માધવજી	ખોંભડી	પાસ
૫	૨	ગંગારામ હીરાલાલ	રસલીઆ	ઉપલા વર્ગમાં ચઢાવવામાં આવેલ
૬	૩	બાબુલાલ વાલજી	ટોડીઆ	,, ,,
૭	૪	નારાણ ધનજી	વિથોણ	,, ,,
૮	૫	રતનસી જેઠાભાઇ	ખોંભડી	,, ,,
૯	૬	દાનાભાઇ રાજા	સાંયરા (જખવાળા)	,, ,,
૧૦	૭	કલ્યાણજી ભીમજી	લુડવા	,, ,,
૧૧	૮	મેઘજી પ્રેમજી	કોટડા (જડોદર)	નાપાસ
			વર્ગ ૮	
૧૨	૧	દેવજી કાનજી	નાના અંગીઆ	પાસ
૧૩	૨	નાનજી પ્રેમજી	વિથોણ	પાસ
૧૪	૩	ઓધવજી વાલજી	નાની અરલ	પાસ
૧૫	૪	શામજી કરમસી	લખમીપુર	પાસ

જનરલ નંબર	વર્ગ નંબર	નામ	ગામ	પરિણામ
૧૬	૫	બચુલાલ કાનજી	ખિડોઇ	પાસ
૧૭	૬	શંકરલાલ મનજી	ખિડોઇ	પાસ
૧૮	૭	વેલજી લધાભાઇ	લુડવા	પાસ
૧૯	૮	દામજી ખેતસી	લુડવા	પાસ
૨૦	૯	કરમસી અખજી	રતડીઆ	પાસ
૨૧	૧૦	દેવજી નાનજી	સાંયરા (જખવાળા)	પાસ
૨૨	૧૧	ધનજી પચાણ	મથલ	ઉપલા વર્ગમાં ચઢાવવામાં આવેલ
૨૩	૧૨	લખમસી ખીમ	મથલ	,, ,,
૨૪	૧૩	છગનલાલ કાનજી	રવાપુર	,, ,,
૨૫	૧૪	કરસન શામજી	રસલીઆ	,, ,,
૨૬	૧૫	જીવરાજ કરમસી	રસલીઆ	,, ,,
૨૭	૧૬	અરજણ માવજી	નેત્રા	,, ,,
૨૮	૧૭	રામજી લાલજી	દેશળપુર (ગુંતળી)	,, ,,
૨૯	૧૮	વેલજી વિશ્રામ	ખિડોઇ	,, ,,
૩૦	૧૯	રામજી હરજી	ખોંભડી	,, ,,
૩૧	૨૦	દેવજી રામજી	ખોંભડી	,, ,,
૩૨	૨૧	માવજી રામજી	ટોડીઆ	નાપાસ
૩૩	૨૨	કાંતિલાલ દેવજી	જવાહરપુર	નાપાસ
૩૪	૨૩	મણિલાલ રામજી	ખોંભડી	નાપાસ
૩૫	૨૪	લખમસી વાલજી	વીરાણી (કોરા)	નાપાસ
૩૬	૨૫	રતનસી ધનજી	કોટડા (ચકાર)	નાપાસ
			વર્ગ ૭	
૩૭	૧	ભવાનજી કરશન	વીગોડી	પાસ
૩૮	૨	કાનજી રતનસી	ઉખરડા	પાસ
૩૯	૩	કેશવલાલ વીરજી	મથલ	પાસ
૪૦	૪	વેલજી નારાણ	વીરાણી (નખત્રાણા)	પાસ
૪૧	૫	અરજણ કરસન	દયાપુર	પાસ
૪૨	૬	શિવજી મેઘજી	સાંયરા (જખવાળા)	પાસ
૪૩	૭	દેવજી શિવજી	આનંદપુર (મંજલ)	પાસ
૪૪	૮	રમણિકલાલ નારાણ	ગઢશીશા	પાસ
૪૫	૯	મનજી માવજી	નેત્રા	ઉપલા વર્ગમાં ચઢાવવામાં આવેલ

જનરલ નંબર	વર્ગ નંબર	નામ	ગામ	પરિણામ
૪૬	૧૦	કરસન નારાણ	દેવીસર	ઉપલા વર્ગમાં ચઢાવવામાં આવેલ.
૪૭	૧૧	વીરજી રામજી	નાની અરલ	,, ,,
૪૮	૧૨	વિશ્રામ પચાણ	ઉખરડા	,, ,,
૪૯	૧૩	મૂળજી અરજણ	વિથોણ	,, ,,
			વર્ગ ૬	
૫૦	૧	દેવસી કરમસી	નાના અંગીઆ	પાસ
૫૧	૨	ગંગદાસ દાના	વિથોણ	પાસ
૫૨	૩	નારાણ હીરજી	કોટડા (જડોદર)	પાસ
૫૩	૪	ખેતરામ લાલજી	ટોડીઆ	પાસ
૫૪	૫	મનજી નાનજી	ટોડીઆ	પાસ
૫૫	૬	હીરજી રતનસી	હરિપુર	પાસ
૫૬	૭	મનજી ખીમજી	હરિપુર	પાસ
૫૭	૮	નાનજી શિવજી ચોધરી	ખીરસરા	પાસ
૫૮	૯	શિવજી ભીમજી	આંબાળા	પાસ
૫૯	૧૦	નથુરામ કરમસી	લખમીપુર	પાસ
૬૦	૧૧	ખીમજી દેવજી	સાંયરા (જખવાળા)	પાસ
૬૧	૧૨	મૂળજી રામજી	અરલ નાની	પાસ
૬૨	૧૩	મેગજી લધા	દેવીસર	ઉપલા વર્ગમાં ચઢાવવામાં આવેલ
૬૩	૧૪	વેલજી અરજણ	વિથોણ	,, ,,
૬૪	૧૫	જયંતીલાલ વેલજી	વિથોણ	,, ,,
૬૫	૧૬	ગોપાલ વીરજી	મથલ	,, ,,
૬૬	૧૭	રામજી વીરજી	મથલ	,, ,,
૬૭	૧૮	મૂળજી મનજી	રતડીઆ	,, ,,
૬૮	૧૯	વાલજી કરસન	લુડવા	,, ,,
૬૯	૨૦	ડાયાલાલ રામજી	લુડવા	,, ,,
૭૦	૨૧	તુલસીદાસ કરસન	રસલીઆ	નાપાસ
૭૧	૨૨	વેલજી નથુભાઈ	નાની અરલ	નાપાસ
૭૨	૨૩	કરસન માવજી	ખીરસરા	નાપાસ
૭૩	૨૪	નાનજી શિવજી ભાવાણી	ખીરસરા	નાપાસ
			વર્ગ ૫	
૭૪	૧	દામજી ધનજી	ખાનપુર	પાસ
૭૫	૨	શામજી જીવરાજ	ખાનપુર	પાસ

જનરલ નંબર	વર્ગ નંબર	નામ	ગામ	પરિણામ
૭૬	૩	ભીમજી ખીમજી	દયાપુર	પાસ
૭૭	૪	રવજી રામજી	આનંદપુર (મંજલ)	પાસ
૭૮	૫	લાલજી ખેતારામ	ઐયર	પાસ
૭૯	૬	બાબુલાલ નાનજી	નારાણપુર	પાસ
૮૦	૭	કરસન મનજી	પદમપુર	પાસ
૮૧	૮	શામજી દેવસી	ખોંભડી	પાસ
૮૨	૯	ભાણજી ગોપાલ	રતડીઆ	પાસ
૮૩	૧૦	ગોવિંદ ભીમજી	રતડીઆ	પાસ
૮૪	૧૧	મૂળજી નારાણ	રતડીઆ	પાસ
૮૫	૧૨	હીરજી રતનસી	રવાપુર	પાસ
૮૬	૧૩	લધારામ લાલજી	દેવીસર	પાસ
૮૭	૧૪	જેઠાલાલ ખેતાભાઈ	મથલ	પાસ
૮૮	૧૫	મૂળજી મેઘજી	ઉખરડા	ઉપલા વર્ગમાં ચઢાવવામાં આવેલ.
૮૯	૧૬	જેઠાલાલ ગોપાલ	ઐયર	,, ,,
૯૦	૧૭	પ્રેમજી કરસન	ખાનપુર	,, ,,
૯૧	૧૮	શિવજી લાલજી	દેસળપુર (ગુંતળી)	નાપાસ
		વર્ગ ૪		
૯૨	૧	ભવાનજી પ્રેમજી	ગઢશીશા	પાસ
૯૩	૨	વિશ્રામ નાનજી	ગઢશીશા	પાસ

વર્ગ	કુલ બેઠા	પાસ	ઉપલા વર્ગમાં ચઢાવવામાં આવેલ	ના પાસ
૧૧	૧	૧	—	—
૧૦	૨	૧	૧	—
૯	૮	૧	૬	૧
૮	૨૫	૧૦	૧૦	૫
૭	૧૩	૮	૫	—
૬	૨૪	૧૨	૮	૪
૫	૧૮	૧૪	૩	૧
૪	૨	૨	—	—
કુલ	૯૩	૪૯	૩૩	૧૧

એપ્રિલ ૧૯૬૨ માં લેવાયલ વાર્ષિક પરીક્ષામાં ૯૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. તેમાંથી ૫૭ પૂરેપૂરા પાસ થયા હતા અને ૨૪ ને ઉપલા વર્ગમાં ચઢાવવામાં આવ્યા. બાકીના ૯ વિદ્યાર્થી નાપાસ થયા હતા વર્ગવાર પરિણામ નીચે મુજબ છે:

જનરલ નંબર	વર્ગ નંબર	નામ	ગામ	પરિણામ
			વર્ગ ૧૧	
૧	૧	દયારામ વાલજી	કોટડા (જડોદર)	એસ.એસ.સી. પરીક્ષામાં પાસ
૨	૨	જવેરીલાલ માવજી	નખત્રાણા	,, ,,
૩	૩	કેશવલાલ ધનજી	આનંદસર (મંજલ)	નાપાસ
		વર્ગ ૧૦		
૪	૧	કલ્યાણજી ભીમજી	લુડવા	પાસ
૫	૨	ડાહ્યાલાલ માધવજી	ખોંભડી	પાસ
૬	૩	ગંગારામ હીરાલાલ	રસલીઆ	ઉપલા વર્ગમાં ચઢાવવામાં આવેલ
૭	૪	નારાણુ ધનજી	વિથોણુ	નાપાસ
			વર્ગ ૯	
૮	૧	શામજી કરમસી	લખમીપુર	પાસ
૯	૨	ઓધવજી વાલજી	અરલ નાની	,,
૧૦	૩	જીવરાજ કરમસી	રસલીઆ	,,
૧૧	૪	બચુલાલ કાનજી	ખિડોઇ	,,
૧૨	૫	વેલજી લધાભાઇ	લુડવા	,,
૧૩	૬	દામજી ખેતસી	લુડવા	,,
૧૪	૭	કરમસી અબજી	રતડીઆ	,,
૧૫	૮	છગનલાલ કાનજી	રવાપુર	ઉપલા વર્ગમાં ચઢાવવામાં આવેલ
૧૬	૯	મેઘજી પ્રેમજી	કોટડા (જડોદર)	,, ,,
૧૭	૧૦	ધનજી પચાણુ	મથલ	,, ,,
૧૮	૧૧	લખમસી ખીમજી	મથલ	,, ,,
૧૯	૧૨	રામજી લાલજી	દેશળપુર (ગુંતળી)	,, ,,
૨૦	૧૩	નાનાલાલ વિશ્રામ	ગઢશીશા	,, ,,
૨૧	૧૪	કરસન શામજી	રસલીઆ	,, ,,
			વર્ગ ૮	
૨૨	૧	ભવાનજી કરસન	વીગોડી	પાસ
૨૩	૨	કાનજી રતનસી	ઉખરડા	,,
૨૪	૩	કેશવલાલ વીરજી	મથલ	,,
૨૫	૪	વેલજી નારાણુ	વીરાણી (નખત્રાણા)	,,


જનરલ નંબર	વર્ગ નંબર	નામ	ગામ	પરિણામ
૨૬	૫	મીઠુભાઇ લધાભાઇ	વીરાણી (નખત્રાણા)	પાસ
૨૭	૬	અરજણ કરસન	દયાપુર	,,
૨૮	૭	શંકરલાલ નારાણ	દયાપુર	,,
૨૯	૮	પ્રેમજી દેવસી	કોટડા (જડોદર)	,,
૩૦	૯	માવજી મનજી	કોટડા (જડોદર)	,,
૩૧	૧૦	મણિલાલ રામજી	કોટડા (જડોદર)	,,
૩૨	૧૧	શામજી લાલજી	દરશડી	,,
૩૩	૧૨	કાંતિલાલ દેવજી	જવાહરપુર	ઉપલા વર્ગમાં ચઢાવવામાં આવેલ
૩૪	૧૩	રમણિકલાલ નારાણ	ગઢશીશા	,, ,,
૩૫	૧૪	રૈયા મેઘજી	કોટડા (જડોદર)	,, ,,
૩૬	૧૫	મગનલાલ હરજી	કોટડા (જડોદર)	,, ,,
૩૭	૧૬	શાંતિલાલ રતનસી	કોટડા (જડોદર)	,, ,,
૩૮	૧૭	મનજી માવજી	નેત્રા	નાપાસ
૩૯	૧૮	મૂળજી અરજણ	વિથોણ	નાપાસ
૪૦	૧૯	વીરજી રામજી	અરલ નાની	નાપાસ

વર્ગ ૭

૪૧	૧	રામજી વીરજી	મથલ	પાસ
૪૨	૨	ગોપાલ વીરજી	મથલ	,,
૪૩	૩	મનજી દેવસી	મથલ	,,
૪૪	૪	નાનજી શિવજી	ખીરસરા	,,
૪૫	૫	શિવજી ભીમજી	આંબાળા	,,
૪૬	૬	મૂળજી રામજી	અરલ નાની	,,
૪૭	૭	મૂળજી મનજી	રતડીઆ	,,
૪૮	૮	વાલજી કરસન	લુડવા	,,
૪૯	૯	ગંગારામ લધાભાઇ	લુડવા	,,
૫૦	૧૦	હીરાલાલ કરમસી	વેરસલપુર (રોહા)	,,
૫૧	૧૧	ભગવાનજી ગોવિંદ	અરલ મોટી	,,
૫૨	૧૨	ભીખાલાલ મનજી	અરલ મોટી	,,
૫૩	૧૩	રામજી કાનજી	દરશડી	,,
૫૪	૧૪	ભગવાનદાસ કનૈયાલાલ	ખોંભડી	,,
૫૫	૧૫	ભરતકુમાર ગોપાલજી	નખત્રાણા	,,



વિદ્યાર્થીઓની કવાયતનું એક વધુ દૃશ્ય



“દાંડિયારાસ”

જનરલ નંબર	વર્ગ નંબર	નામ	ગામ	પરિણામ	
૫૬	૧૬	ડાહ્યાલાલ રામજી	લુડવા	ઉપલા વર્ગમાં ચઢાવવામાં આવેલ	
૫૭	૧૭	વીરજી મૂળજી	ઉખરડા	,,	,,
૫૮	૧૮	મનજી ભીમજી	ઉખરડા	,,	,,
			વર્ગ ૬		
૫૯	૧	દામજી ધનજી	ખાનપુર	પાસ	
૬૦	૨	શામજી જીવરાજ	ખાનપુર	,,	
૬૧	૩	ભીમજી ખીમજી	દયાપુર	,,	
૬૨	૪	લધારામ લાલજી	દેવીસર	,,	
૬૩	૫	રવજી રામજી	આનંદપુર (મંજલ)	,,	
૬૪	૬	શામજી દેવસી	ખોંભડી	,,	
૬૫	૭	બાબુલાલ નાનજી	નારાણપુર	,,	
૬૬	૮	ભાણજી ગોપાલ	રતડીઆ	,,	
૬૭	૯	ગોવિંદ ભીમજી	રતડીઆ	,,	
૬૮	૧૦	મૂળજી નારાણ	રતડીઆ	,,	
૬૯	૧૧	હીરજી રતનસી	રવાપુર	,,	
૭૦	૧૨	ચંદુલાલ ભવાનજી	રવાપુર	,,	
૭૧	૧૩	જેઠાલાલ ખેતાભાઇ	મથલ	,,	
૭૨	૧૪	રતનસી ગોપાલ	વીગોડી	,,	
૭૩	૧૫	હીરજી જીવરાજ	વીગોડી	,,	
૭૪	૧૬	ડાહ્યાલાલ રાઘવજી	અરલ મોટી	,,	
૭૫	૧૭	કરસન મનજી	પદમપુર	ઉપલા વર્ગમાં ચઢાવવામાં આવેલ	
૭૬	૧૮	પ્રેમજી કરસન	ખાનપુર	,,	,,
૭૭	૧૯	કેસરા માવજી	ઘડાની	,,	,,
૭૮	૨૦	પચાણ પ્રેમજી	આંબાળા	,,	,,
૭૯	૨૧	રતિલાલ વાલજી	રસલીઆ	,,	,,
૮૦	૨૨	મૂળજી મેઘજી	ઉખરડા	નાપાસ	
૮૧	૨૩	શંકરલાલ દેવજી	ઉઘેડી	નાપાસ	
૮૨	૨૪	ગંગદાસ હરજી	સુખપુર (રોહા)	નાપાસ	
			વર્ગ ૫		
૧	૮૩	ભવાનજી પ્રેમજી	ગઢશીશા	પાસ	
૨	૮૪	ડાહ્યાલાલ કરસન	રવાપુર	પાસ	

જનરલ નંબર	વર્ગ નંબર	નામ	ગામ	પરિણામ
૩	૮૫	કાંતિલાલ માવજી	મેઘપુર	પાસ
૪	૮૬	વસ્તા ધનજી	વિથોણ	પાસ
૫	૮૭	વિશ્રામ નાનજી	ગઢશીશા	ઉપલા વર્ગમાં ચઢાવવામાં આવેલ
૬	૮૮	માવજી વાલજી	રતડીઆ	,, ,,
૭	૮૯	ભીમજી શિવદાસ	પલીવાડ (મંજલ)	,, ,,
૮	૯૦	શામજી લખમસી	રતડીઆ	નાપાસ

વર્ગ	કુલ બેઠા	પાસ	ઉપલા વર્ગમાં ચઢાવવામાં આવ્યા	નાપાસ
૧૧	૩	૨	—	૧
૧૦	૪	૨	૧	૧
૯	૧૪	૭	૭	—
૮	૧૯	૧૧	૫	૩
૭	૧૮	૧૫	૩	—
૬	૨૪	૧૬	૫	૩
૫	૮	૪	૩	૧
કુલ	૯૦	૫૭	૨૪	૯

હિન્દીનો અભ્યાસ

રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ-વર્ધા-તરફથી સપ્ટેમ્બર ૧૯૬૦માં હિન્દીની પરીક્ષાઓ લેવાયલ તેમાં નીચે જણાવેલ કુલ્લ ૨૩ વિદ્યાર્થીઓ જુદી જુદી પરીક્ષામાં પાસ થયા છે.

જનરલ નંબર	વર્ગ નંબર	નામ	ગામ	પરિણામ
			પરિચય	
૧	૧	હરિલાલ માવજી		વિથોણ
૨	૨	ડાયાલાલ માધવજી		ખોંભડી
			પ્રવેશ	
૩	૧	કરમસી અબજી		રતડીઆ
૪	૨	બચુલાલ કાનજી		ખિડોઇ
૫	૩	છગનલાલ કાનજી		રવાપુર
૬	૪	ઓધવજી વાલજી		નાની અરલ
૭	૫	શામજી કરમસી		લખમીપુર

જનરલ નંબર	વર્ગ નંબર	નામ	ગામ	પરિણામ
૮	૬	દાના રાજા	સાંયરા (જખવાલા)	
૯	૭	દેવજી કાનજી	નાના અંગીઆ	
૧૦	૮	શંકરલાલ મનજી	ખિડોઈ	
૧૧	૯	રામજી હરજી	ખોંભડી	
૧૨	૧૦	દેવજી રામજી	ખોંભડી	
૧૩	૧૧	ધનજી પચાણ	મથલ	
૧૪	૧૨	નાનજી પ્રેમજી	વિથોણ	
		પ્રારંભિક		
૧૫	૧	ભવાનજી કરસન	વીગોડી	
૧૬	૨	નથુલાલ કરમસી	લખમીપુર	
૧૭	૩	ખીમજી દેવજી	સાંયરા જખવાલા)	
૧૮	૪	શિવજી મેઘજી	સાંયરા (જખવાલા)	
૧૯	૫	દેવજી શિવજી	આનંદપુર-મંજલ	
		પ્રાથમિક		
૨૦	૧	ભીમજી ખીમજી	દયાપુર	
૨૧	૨	કરસન મનજી	પદમપુર	
૨૨	૩	મૂળજી નારાણ	રતડીઆ	
૨૩	૪	ગોવિંદ ભીમજી	રતડીઆ	

રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ-વર્ધા-તરફથી સપ્ટેમ્બર ૧૯૬૧ માં હિન્દીની પરીક્ષાઓ લેવાયલ તેમાં નીચે જણાવેલ કુલ્લ ૧૬ વિદ્યાર્થીઓ જુદી જુદી પરીક્ષામાં પાસ થયા છે.

		પરિચય	
૧	૧	શામજી કરમસી	લખમીપુર
૨	૨	બચુલાલ કાનજી	ખેડોઇ
૩	૩	ઓધવજી વાલજી	નાની અરલ
		પ્રવેશ	
૪	૧	પ્રેમજી દેવસી	કોટડા (જડોદર)
૫	૨	ગોવીંદજી ભીમજી	રતડીઆ
૬	૩	કરસન શામજી	રસલીઆ
૭	૪	જીવરાજ કરમસી	રસલીઆ
૮	૫	નારાણ ધનજી	વિથોણ
૯	૬	કાંતિલાલ દેવજી	જવાહરપુર

અરજી નંબર	નામ	અટક	ગામ	અરજી મલી	હાલ ચાલુ છે કે રજા લઇ ગયો
૨૬	કેશવલાલ વીરજી	પોકાર	મથલ	જુન ૧૯૬૦	ચાલુ છે
૨૭	રવજી કરસન	નાયાણી	કોટડા (જડોદર)	,,	રજા લઇ ગયો જાન્યુઆરી ૧૯૬૧
૨૮	ખેતાભાઇ રામજી	દડગા	ટોડીઆ	,,	,, મે ૧૯૬૧
૨૯	વેલજી નાનજી	દીવાણી	,,	,,	,, જુન ૧૯૬૦
૩૦	લાલજી કાનજી	દીવાણી	,,	,,	,, સપ્ટેમ્બર ૧૯૬૦
૩૧	માવજી રામજી	પોકાર	,,	,,	,, મે ૧૯૬૧
૩૨	પ્રેમજી નથુભાઇ	દીવાણી	,,	,,	,, ઓગસ્ટ ૧૯૬૦
૩૩	બાબુભાઇ વાલજી	દીવાણી	,,	,,	,, જુન ૧૯૬૧
૩૪	શિવજી દેવસી	પોકાર	,,	,,	,, સપ્ટેમ્બર ૧૯૬૦
૩૫	મનજી નાનજી	દીવાણી	,,	,,	,, મે ૧૯૬૧
૩૬	પરબત અરજણ	પોકાર	,,	,	,, ઓગસ્ટ ૧૯૬૦
૩૭	નારાણ ધનજી	નરસંગાણી	વિથોણ	,,	,, મે ૧૯૬૨
૩૮	મૂળજી અરજણ	પદમાણી	,,	,,	,, ,,
૩૯	કરસન શામજી	સેંગાણી	રસલીઆ	,,	ચાલુ છે
૪૦	મેઘજી લધા	લીંબાણી	દેવીસર	,,	રજા લઇ ગયો મે ૧૯૬૧
૪૧	કરસન નારાણ	નાકરાણી	,,	,,	,, ,,
૪૨	તુલસીદાસ કરસન	પોકાર	રસલીઆ	,,	,, ,,
૪૩	જીવરાજ કરમસી	ચોધરી	,,	,,	,, મે ૧૯૬૨
૪૪	નારાણ હીરજી	લીંબાણી	કોટડા (જરોદર)	,,	,, મે ૧૯૬૧
૪૫	માવજી જશાભાઇ	ભગત	વિથોણ	,,	એસ.એસ.સી. પાસ ૧૯૬૧
૪૬	બાબુલાલ ભીમજી	પારસીઆ	અંગીઆ નાના	,,	રજા લઇ ગયો જુન ૧૯૬૦
૪૭	મણિલાલ રામજી	રવાણી	ખોંભડી	,,	,, મે ૧૯૬૧
૪૮	હીરજી રતનસી	પોકાર	હરિપુર	,,	,, સપ્ટેમ્બર ૧૯૬૧
૪૯	મનજી ખીમજી	રવાણી	,,	,,	,, જાન્યુઆરી ૧૯૬૨
૫૦	ભીમજી ખીમજી	લીંબાણી	દયાપુર	,,	ચાલુ છે
૫૧	કાંતિલાલ દેવજી	દીવાણી	જવાહરપુર	,,	ચાલુ છે
૫૨	ખીમજી દેવજી	દીવાણી	,,	,,	દાખલ ન થયો
૫૩	રતનસી જેઠાભાઇ	ઉકાણી	ખોંભડી	,,	રજા લઇ ગયો મે ૧૯૬૧
૫૪	ડાહ્યાલાલ માધવજી	વાગડીઆ	,,	,,	,, મે ૧૯૬૨
૫૫	રામજી હરજી	વાગડીઆ	,,	,,	,, મે ૧૯૬૧

અરજી નંબર	નામ	અટક	ગામ	અરજી મલી	હાલ ચાલુ છે કે રજા લઇ ગયો
૫૬	દેવજી રામજી	વાગડીઆ	ખોંભડી	જુન ૧૯૬૦	રજા લઇ ગયો મે ૧૯૬૧
૫૭	મનજી લધાભાઇ	રવાણી	,,	,,	,, ,,
૫૮	ભાણજી કાનજી	રવાણી	,,	,,	,, મે ૧૯૬૨
૫૯	ઓધવજી વાલજી	છાભૈયા	અરલ નાની	,,	ચાલુ છે
૬૦	વાલજી પ્રેમજી	વાસાણી	વિથોણ	,,	રજા લઇ ગયો ઓકટોબર ૧૯૬૨
૬૧	વીરજી રામજી	છાભૈયા	અરલનાની	,,	,, મે ૧૯૬
૬૨	વેલજી નથુભાઇ	ભગત	,,	,,	,, જુલાઇ ૧૯૬૧
૬૩	હરિલાલ માવજી	પદમાણી	વિથોણ	,,	અવસાન પામ્યા ઓકટોબર ૧૯૬૨
૬૪	નાનજી શિવજી	ચોધરી	ખીરસરા	,,	ચાલુ છે
૬૫	કરસન માવજી	ભાવાણી	,,	,,	રજા લઇ ગયો મે ૧૯૬૨
૬૬	જેઠાલાલ ગોપાલ	પોકાર	ઐયર	,,	,, ,,
૬૭	રામજી લાલજી	ભાવાણી	દેશળપુર ગુંતળી	,,	રજા લઇ ગયો મે ૧૯૬૧
૬૮	પરસોતમ કરસન	ખેતાણી	વિથોણ	,,	ઓકટોબર ૧૯૬૦
૬૯	વેલજી નારાણ	નાકરાણી	વીરાણી નખત્રાણા	,,	ચાલુ છે
૭૦	શિવજી ભીમજી	રામાણી	આંબાળા	,,	ચાલુ છે
૭૧	અરજણ કરસન	લીંબાણી	દયાપુર	,,	ચાલુ છે
૭૨	નાનજી શિવજી	ભાવાણી	ખીરસરા	,,	રજા લઇ ગયો મે ૧૯૬૧
૭૩	લાલજી ખેતારામ	ગોરાણી	ઐયર	,,	,, ,,
૭૪	લધારામ લાલજી	બાથાણી	દેવીસર	,,	,, મે ૧૯૬૨
૭૫	કેશવલાલ ગંગદાસ	લીંબાણી	અરલ નાની	,,	,, જુન ૧૯૬૦
૭૬	મૂળજી રામજી	ભગત	,, ,,	,,	,, મે ૧૯૬૨
૭૭	શામજી કરમસી	પજવાણી	લખમીપુર	,,	ચાલુ છે
૭૮	નથુલાલ કરમસી	દીવાણી	,,	,,	રજા લઇ ગયો જુલાઇ ૧૯૬૧
૭૯	દાનાભાઈ રાજા	નાકરાણી	સાંયરા (જખવાળા)	,,	,, ,,
૮૦	શિવજી મેઘજી	ધોળુ	,, ,,	,,	,, ,,
૮૧	બચુલાલ કાનજી	છાભૈયા	ખિડોઇ	,,	છોડી ગયો મે ૧૯૬૨
૮૨	વેલજી લધાભાઈ	વેલાણી	લુડવા	,,	ચાલુ છે
૮૩	દામજી ખેતસી	માકાણી	,,	,,	ચાલુ છે
૮૪	શંકરલાલ મનજી	ખીમાણી	ખિડોઇ		રજા લઇ ગયો મે ૧૯૬૨

અરજી નંબર	નામ	અટક	ગામ	અરજી મલી	હાલ ચાલુ છે કે રજા લઇ ગયો
૮૫	લખુભાઇ નાગજી	નાયાણી	કોટડા (જડોદર)	,,	,, જુલાઇ ૧૯૬૦
૮૬	કલ્યાણજી ભીમજી	વેલાણી	લુડવા	,,	ચાલુ છે
૮૭	દેવજી શિવજી	ભગત	આનંદપુર (મંજલ)	,,	રજા લઇ ગયો મે ૧૯૬૨
૮૮	રવજી રામજી	ભગત	,, ,,	,,	,, મે ૧૯૬૨
૮૯	શામજી દેવસી	સેંગાણી	ખોંભડી	,,	ચાલુ છે
૯૦	ગોપાલ લાલજી	સેંગાણી	,,	,,	રજા લઈ ગયો ઓગસ્ટ ૧૯૬૦
૯૧	વિશ્રામ નાનજી	ઉકાણી	ગઢશીશા	,,	ચાલુ છે
૯૨	ભગવાનજી પ્રેમજી	ઉકાણી	ગઢશીશા	,,	ચાલુ છે
૯૩	શિવજી લાલજી	ચીકાણી	દેશલપુર (ગુંતળી)	,,	રજા લઇ ગયો મે ૧૯૭૧
૯૪	કેસવજી ધનજી	ભાવાણી	આનંદસર (મંજલ)	,,	,, માર્ચ ૧૯૬૨
૯૫	વેલજી વિશ્રામ	ભગત	ખિડોઇ	,,	,, મે ૧૯૬૧
૯૬	રતનસી શિવજી	નરસંગાણી	જયપુર (વીરાણી)	,,	દાખલ ન થયો
૯૭	બાબુલાલ નાનજી	સુરાણી	નારાણપુર	,,	રજા લઇ ગયો મે ૧૯૬૨
૯૮	મેઘજી જીવરાજ	ભાવાણી	ખારસરા	,,	દાખલ ન થયો
૯૯	કરમસી અબજી	સાંખલા	રતડીઆ	,,	ચાલુ છે
૧૦૦	મૂળજી મનજી	નાથાણી	રતડીઆ	,,	ચાલુ છે
૧૦૧	ખીમજી દેવજી	ધોળુ	સાંયરા (જખવાળા)	,,	રજા લઇ ગયો મે ૧૯૬૧
૧૦૨	જયંતીલાલ વેલજી	,,	વિથોણ	,,	,, ,,
૧૦૩	કાનજી શિવજી	,,	નાગલપુર	,,	,, જુલાઇ ૧૯૬૦
૧૦૪	ગોવિંદ રામજી	પાંચાણી	વીરાણી	,,	દાખલ ન થયો
૧૦૫	બાલકૃષ્ણ ચુનીલાલ	સુરાણી	વિથોણ	,,	રજા લઇ ગયો ઓ. ૧૯૬૦
૧૦૬	રતનસી ડાહ્યાભાઇ	ભગત	,,	,,	,, ,,
૧૦૭	દેવજી પરબત	રૂડાણી	રામપુર	,,	,, ,,
૧૦૮	વિશ્રામ પચાણ	સાંખલા	ઉખરડા	,,	,, મે. ૧૯૬૧
૧૦૯	રમણિકલાલ નારાણ	ઉકાણી	ગઢશીશા	,,	ચાલુ છે
૧૧૦	ભાણજી ગોપાલ	સાંખલા	રતડીઆ	,,	રજા લઇ ગયો જુન ૧૯૬૨
૧૧૧	ગોવિંદ ભીમજી	નાથાણી	,,	,,	ચાલુ છે
૧૧૨	મૂળજી નારાણ	નાથાણી	,,	,,	રજા લઇ ગયો મે. ૧૯૬૨
૧૧૩	રતનસી ધનજી	મોરાઇ	(કોટડા ચકાર)	જુલાઇ ૧૯૬૦	,, મે ૧૯૬૧
૧૧૪	મેઘજી રામજી	લીંબાણી	સાંગનારા નખત્રાણા		,, જાન્યુ. ૧૯૬૧
૧૧૫	કરસન મનજી	ધોળુ	પદમપુર (બાયઠ)	,,	ચાલુ છે



વિદ્યાર્થી સમૂહ



ભોજનાલય

અરજી નંબર	નામ	અટક	ગામ	અરજી મલી	હાલ ચાલુ છે કે રજા લઈ ગયો
